## તંત્રીશ્રીની કલમે

# CM દિકરા અને રાજ્યમંત્રીને ઉપમુખ્યમંત્રી બનાવી શકે છે

તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિન પોતાના દિકરા અને રાજયના યુવા કલ્યાણ અને રમત મંત્રી ઉધયનિધિને પ્રમોશન આપી ઝડપથી ઉપમુખ્યમંત્રી બનાવી શકે છે. ઉચ્ચ સ્તરીય સૂત્રોએ જણાવ્યું હતું કે મુખ્યમંત્રી સ્ટાલિન ૨૨ ઓગસ્ટે અમેરિકા જવા રવાના થાય તે પહેલા ઉધયનિધિને નાયબ મુખ્યમંત્રી બનાવશે. જ્યારે સ્ટાલિનના પિતા એમ. કરુણાનિધિ મુખ્યમંત્રી હતા, ત્યારે સ્ટાલિનને ૨૦૦૯માં ઉપમુખ્યમંત્રી બનાવવામાં આવ્યા હતા. બાદમાં સ્ટાલિન તમિલનાડુના રાજકારણમાં મોટા નેતા તરીકે ઉભરી આવ્યા હતા.

ડીએમકેના સૂત્રોએ જણાવ્યું કે ઉધયનિધિ ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણીમાં પાર્ટીનો ચહેરો બની શકે છે. ડીએમકે પાર્ટી કેડર અને નેતાઓ ઈચ્છે છે કે ઉધયનિધિને ઉપમુખ્યમંત્રી બનાવવામાં આવે. તેમનું માનવું છે કે આ પગલાંથી ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણીમાં પાર્ટીને ફાયદો થઈ શકે છે.

લોકસભા ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ ઉધયનિધિને ઉપમુખ્યમંત્રી તરીકે નિમણૂક કરવાની તૈયારીઓ થઈ હતી, પરંતુ કલ્લાકુરિચી લઠ્ઠાકાંડ તેમજ ઉધયનિધિની સનાતન ધર્મ વિરૂદ્ધ વિવાદાસ્પદ ટિપ્પણીના કારણે ડીએમકે અને સ્ટાલિને તેમના પુત્ર ઉધયનિધિને નાયબ મુખ્યમંત્રી બનાવવાની યોજના મોકૂફ રાખી હતી કલ્લાકુરિચી લઠ્ઠાકાંડમાં ૬૫ લોકોએ જીવ ગુમાવ્યા હતા.

# ઈન્ડિયા પોસ્ટે ૩૧ જુલાઈ સુધીમાં રાખડીના આંતરરાષ્ટ્રીય શિપમેન્ટની ભલામણ કરી

રક્ષાબંધન નજીક પર છે, ત્યારે ઈન્ડિયા પોસ્ટે વિશ્વભરમાં તમારા પ્રિય લોકોને રાખડીઓ મોકલવા માટે તેની અવિરત આંતરરાષ્ટ્રીય મેઈલ સેવાઓનો ઉપયોગ કરવા માટે એક ઉષ્માભર્યું આમંત્રણ આપ્યું છે. તમારા પ્રિયજનોને તમારા હ્રદયની હરકતો સમયસર પ્રાપ્ત થાય તે સુનિશ્ચિત કરવા માટે, ઈન્ડિયા પોસ્ટ્સ ભારપૂર્વક સલાહ આપે છે કે તમે ૩૧મી જુલાઈ સુધીમાં તમારા રાખડી શિપમેન્ટનું આયોજન કરો.

આંતરરાષ્ટ્રીય મેઈલિંગની જટિલતાઓને નેવિગેટ કરવા અને વિલંબ અને કસ્ટમ્સ-સંબંધિત અવરોધોની શક્યતાને ઘટાડવા માટે, નીચે આપેલા શું કરવું અને શું ન કરવું તેનું અવલોકન કરવું જરૂરી છે:

★ પરિવહનમાં સંભવિત નુકસાનથી બચાવવા માટે તમારી રાખડીઓને સુરક્ષિત રીતે પેકેજ કરો.

★ યોગ્ય સરનામા લેબલનો ઉપયોગ કરો અને ચોક્કસ ઝિપ કોડ/પોસ્ટ કોડ સાથે સંપૂર્ણ સરનામું વ્યવસ્થિત રીતે લખો/ટાઈપ કરો. તમારા મોબાઈલ નંબરના ઉલ્લેખને પ્રોત્સાહિત કરવામાં આવે છે.

★ ક્લયરન્સ પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે કસ્ટમ્સ ડિક્લેરેશન ફોર્મ પર તમારા પેકેજની સામગ્રીને સચોટ રીતે જાહેર કરો.

★ જવલનશીલ પદાર્થો, પ્રવાહી અથવા નાશવંત ચીજવસ્તુઓ જેવી મર્યાદિત ચીજવસ્તુઓ મોકલવાનું ટાળો, કારણ કે તે જપ્તીને આધિન હોઈ શકે છે.

કસ્ટમ્સ ક્લિયરન્સ અને પાર્સલ ડિલિવરીમાં વધેલી સગવડતા માટે, રાખડી-સંબંધિત વસ્તુઓ માટે હાર્મોનાઈઝ્ડ સિસ્ટમ (એચએસ) કોડ્સ શામેલ કરવા પર વિચાર કરો. બિન-વાણિજિયક શિપમેન્ટ માટે એચએસ કોડ ફરજિયાત ન પણ હોઈ શકે, પરંતુ તેમનો સમાવેશ કસ્ટમ્સ પ્રક્રિયાઓને નોંધપાત્ર રીતે સુવ્યવસ્થિત કરી શકે છે. રાખી-સંબંધિત ઉત્પાદનો માટે અહીં કેટલાક પ્રસ્તુત એચએસ કોડ્સ આપવામાં આવ્યા છે:

★ રાખી રક્ષા સૂત્ર: ૬૩૦૭૯૦૯૦

★ ઈમિટેશન જવેલરી: ૭૧૧૭૯૦૯૦

★ હેન્ડ સીવ્ઝ એન્ડ હેન્ડ રિડલ્સ (રાખડી સહિત): ૯૬૦૪૦૦૦૦

★ બાફેલી મીઠાઈ, પછી તે ભરેલી હોય કે ન ભરાઈ હોય: ૧૭૦૪૯૦૨૦

★ ટોફી, કેરેમેલ્સ અને તેના જેવી કન્ફેક્શનરી: ૧૭૦૪૯૦૩૦

★ શુભેચ્છા કાર્ડ: ૪૯૦૯૦૦૧૦

આ આવશ્યક માર્ગદર્શિકાઓનું પાલન કરીને અને ઈન્ડિયા પોસ્ટની પ્રખ્યાત આંતરરાષ્ટ્રીય મેઈલ સેવાઓનો લાભ લઈને, તમે સુનિશ્ચિત કરી શકો છો કે તમારી રાખડીઓ સીમાઓને અવિરતપણે ઓળંગી જાય છે અને સમયસર અને સુરક્ષિત રીતે વિદેશમાં તમારા પ્રિયજનો સુધી પહોંચે છે.

# ગ્રામ્યના બાળકોને મળશે NEET, JEEનું ફ્રીમાં કોચિંગ

*અમદાવાદ,*

*અમદાવાદ ગ્રામ્ય જિલ્લા શિક્ષણ અધિકારીની બાળકોના ઉચ્ચ અભ્યાસને લઈને એક અનોખી પહેલ જોવા મળી છે. ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ પણ મેડિકલ અને એન્જિનિયરિંગમાં પ્રવેશ મેળવીને સારી કારકિર્દી બનાવી શકે, તે માટે ગ્રામ્ય જિલ્લા શિક્ષણ અધિકારી અને ટાટા મોટર કંપની સાથે મળી વિદ્યાર્થીઓને NEET અને JEE માટે તૈયારી કરાવશે.*

*કંપનીના સહયોગથી અમદાવાદ ગ્રામ્ય DEO ધોરણ ૧૧ અને ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે JEE- NEETના ટ્યુશન ઉપલબ્ધ કરાવશે. એન્જિનિયરિંગ અને મેડિકલમાં અભ્યાસ કરવાનું સ્વપ્ન સેવતા વિદ્યાર્થીઓના વાલીઓ લાખો રૂપિયાની ફી ભરીને બાળકોને JEE અને NEETની તૈયારી કરાવે છે. ત્યારે અમદાવાદના જિલ્લા શિક્ષણ અધિકારીએ નવી પહેલ કરી છે. જેમાં વિદ્યાર્થીઓને વિનામુલ્યે JEE અને NEETનું કોચિંગ મળી રહેશે. એક વિદ્યાર્થીએ JEE અને NEETની તૈયારી કરવી હોય તો વાલી તેમના બાળક માટે વાર્ષીક બે થી ચાર લાખ રૂપિયાની ફી ભરે છે. પરંતુ જે બાળક ગ્રામ્ય વિસ્તારમાં રહેતો હોય તો તેવા વિદ્યાર્થીઓ ફી તો દૂરની વાત રહી, પરંતુ કોચિંગ પણ મેળવી શકતા નથી. અને આ જ કારણે અમદાવાદના DEOઓ દ્વારા અનોખી પહેલ કરવામા આવી છે.*

*મિશન સિદ્રત્વ અંતર્ગત વિદ્યાર્થીઓને વિનામુલ્યે JEE અને NEETનું કોચિંગ આપવામાં આવશે. અમદાવાદ ગ્રામ્યના DEO કૃપાબેન જહાએ જણાવ્યું કે, વિજ્ઞાન પ્રવાહમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવે તે હેતુથી નમો સરસ્વતી યોજના સરકાર દ્વારા લાગુ કરવામાં આવી છે અને વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારની તકલીફ ન પડે અને ધોરણ ૧૧ થી જ JEE અને NEETની તૈયારીઓ કરી શકે, તે માટે પ્રયાસ કરવામા આવ્યો છે.*

# નાનીની આ ૩૩મી ફિલ્મ અને જાન્હવી માટે ત્રીજી તેલુગુ ફિલ્મ

સાઉથ ઈન્ડિયન સુપર સ્ટાર નાનીની ૩૩મી ફિલ્મ આવી રહી છે, તેમાં તેની સાથે જાન્હવી કામ કરી શકે તેવી ચર્ચાઓ ચાલી રહી છે. જોકે, હાલ હજુ આ ફિલ્મનું નામ નક્કી થયું નથી તેથી આ ફિલ્મને હાલ 'નાની૩૩'થી ઓળખવામાં આવે છે. જો આ અહેવાલો સાચા હોય તો જાન્હવી અને નાની પહેલી વખત સાથે જોવા મળશે. સાથે ઓડિયન્સ માટે આ ફિલ્મ પ્રોમિસિંગ હોવાની સાથે ળેશ અને એક્સાઈટિંગ પણ હશે. હજુ આ ફિલ્મના મેકર્સ તરફથી પણ કોઈ કન્ફર્મેશન આપવામાં આવ્યું નથી. પરંતુ તેલુગુ અખબારોના કહેવા મુજબ મેકર્સ જાન્હવીને કાસ્ટ કરવા ઘણા ઉત્સુક છે. જો આ શક્ય થઈ જાય તો જાન્હવીની આ ત્રીજી તેલુગુ ફિલ્મ હશે, પહેલી તેની જુનિયર એનટીઆર સાથેની 'દેવરા'પછી તેણે રામ ચરણ અને ડિરેક્ટર બુચી બાબુ સના સાથે તેલુગુ ફિલ્મમાં એન્ટ્રી કરી હતી. જો તે નાનીની ફિલ્મમાં પણ જોડાશે તો તેનાથી તેની ફિલ્મની અપીલ પણ વધી જશે. જાન્હવી ઉપરાંત આ ફિલ્મ સાથે 'દસરા'થી જાણીતા શ્રીકાંત ઓડેલા પણ ફરી એક વખત નાની સાથે કામ કરશે. તેમાં નાનીનો રોલ એક ગંભીર અને રફ પાત્રનો હતો. તેમાં કિર્તિ સુરેશ, દિક્ષિત શેટ્ટી, શાઈન ટોમ ચાકો અને સમુથિરકની સહિતના કલાકારો હતા. આ ફિલ્મને ઘણી પ્રશંસા મળી હતી. આ ફિલ્મની એનિવર્સરી વખતે જ નાનીએ તેની નવી ફિલ્મનું ટીઝર રિલીઝ કર્યું હતું, જેને તેણે ''મેડનેસ'' ગણાવી હતી. આ ટીઝરથી જ વિવેચકો અને દર્શકો બધાંમાં ભારે ઉત્સુકતા પણ જામી રહી છે કે આ એક્ટર અને ડિરેક્ટરની જોડી હવે શું લઈને આવશે. આ પહેલાં નેચરલ સ્ટાર ગણાતા નાનીએ ડેબ્યુટન્ટ ડિરેક્ટર શૌર્યુવની 'હાઈ નન્ના'માં કામ કર્યું હતું, જેમાં તે એક પલ્મોનરી ડિસીઝ ધરાવતી દિકરોનાં સિંગલ પિતાનો રોલ કરે છે. સાથે ઓડિયન્સ માટે આ ફિલ્મ પ્રોમિસિંગ હોવાની સાથે ળેશ અને એક્સાઈટિંગ પણ હશે. હજુ આ ફિલ્મના મેકર્સ તરફથી પણ કોઈ કન્ફર્મેશન આપવામાં આવ્યું નથી. પરંતુ તેલુગુ અખબારોના કહેવા મુજબ મેકર્સ જાન્હવીને કાસ્ટ કરવા ઘણા ઉત્સુક છે. જો આ શક્ય થઈ જાય તો જાન્હવીની આ ત્રીજી તેલુગુ ફિલ્મ હશે.

# વાયરલ એન્કેફેલાઈટીસ કે ચાંદીપુરા રોગથી ગભરાવવાની જરુર નથી પરંતુ સાવચેતી જરુરથી રાખીએ

છેલ્લા કેટલાક દિવસોથી વાયરલ એનકેફેલાઈટીસ કે ચાંદીપુરા વાયરસના કેસ વિવિધ જિલ્લાઓમાં જોવા મળી રહ્યા છે. ચાંદીપુરા કે વાયરલ એનકેફેલાઈટીસ રોગથી ગભરાવવાની જરૂર નથી પરંતુ સાવચેતી રાખવી જરૂરી છે. આ કોઈ નવો રોગ નથી. સામાન્ય પણે વરસાદી ઋતુમાં અને તેમાં પણ ખાસ કરીને ગ્રામીણ વિસ્તારમાં આ રોગ જોવા મળે છે.

શું છે વાઈરલ એન્કેફેલાઈટીસ કે ચાંદીપુરા વાયરસ ?

આ એક ઈંદ્રછ વાયરસ છે. તેના સંક્રમણથી દર્દી મગજ (એનકેફેલાઈટીસ) નો શિકાર થાય છે. આ વાયરસ ૦ માસ થી ૧૪ વર્ષ સુધીના બાળકોને પ્રભાવિત કરે છે. ચાંદીપુરા વાઈરસ એ સામાન્ય રીતે સેન્ડફલાય(માખી) તેમજ ક્યારેક મચ્છરને કારણે પણ ફેલાય છે. આ સેન્ડફલાય(માખી) લીંપણવાળાં ઘરોમાં કે માટીનાં ઘરોમાં પડતી તિરાડોમાં જોવા મળતી હોય છે.

જો આસપાસ માટી અને ગંદકીવાળો વિસ્તાર હોય તો સિમેન્ટનાં પાકાં મકાનોની તિરાડોમાં પણ આ માટીની માખીનો ઉપદ્રવ જોવા મળે છે. ઓછા ઉજાસવાળો કે અંધારો કે જ્યાં સૂર્યપ્રકાશ ઓછો હોય તેવા રૂમમાં પણ સેન્ડ ફ્લાયનું બ્રિડિંગ જોવા મળતું હોય છે. આ ચેપી રોગ નથી.

એક બાળકને હોય તો બીજા બાળકને થાય તેવું નથી, પરંતુ ચેપગ્રસ્ત બાળકને કરડેલી માખી સ્વસ્થ બાળકને કરડે તો તે સ્વસ્થ બાળકને પણ આ ચેપ લાગી શકે છે. માટીનાં ઘરો કે ગંદકીવાળા વિસ્તારોમાં રહેતાં ૦ થી ૧૪ વર્ષ સુધી બાળકોમાં અન્યોની સરખામણીએ રોગપ્રતિકારક ક્ષમતા ઓછી હોય છે, જેને કારણે આ બીમારી સામે લડવાની તેમની ક્ષમતા ઓછી હોવાથી આ રોગ થાય છે.

વાયરલ એન્કેફેટિલાઈટીસના લક્ષણો:-

૧) બાળકને સખત તાવ આવવો

૨) ઝાડા, ઉલટી થવા

૩) ખેંચ આવવી

૪) અર્ધબેભાન કે બેભાન થવું.

વાયરલ એન્કેફેટિલાઈટીસ કે ચાંદીપુરા વાયરસના ચેપથી બચવા શું કરવું?

૧) બાળકોને શકય હોય ત્યાં સુધી ખુલ્લા શરીરે ઘરની બહાર આંગણામાં (ધૂળમાં) રમવા દેવા નહી.

૨) બાળકોને જંતુનાશક દવાયુકત મચ્છરદાનીમાં સુવડાવવાનો આગ્રહ રાખવો.

૩) સેન્ડ ફલાયથી બચવા ઘરની અંદર તથા બહારની દિવાલોની તિરાડો, છિદ્રોને પુરાવી દેવા.

૪) મચ્છર-માખીઓનો ઉપદ્રવ અટકાવવા સમયસર જંતુનાશક દવાનો છંટકાવ કરાવવો.

જો ઉપર જણાવેલ લક્ષણો દેખાય તો તમારી નજીકના સરકારી દવાખાને દર્દીને તાત્કાલીક લઈ જઈ સારવાર કરાવવી

# સુરત શિક્ષણ સમિતિએ યુનિફોર્મ પાછળ કરેલો અધધ ખર્ચ નકામો

સુરત,

સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના વિદ્યાર્થીઓને બે જોડી યુનિફોર્મ આપવા માટે ૨૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ અંગેની જાહેરાત બાદ ભાજપે પાલિકા શિક્ષણ સમિતિની સભા સહિત અનેક જગ્યાએ ભારે પ્રસિદ્ધિ મેળવી લીધી છે. પરંતુ હજી સુધી બાળકોને એક જ જોડી ગણવેશ અપાયો છે અને બીજી જોડી આવતા દિવાળી જેટલો સમય આવી જાય તેવી શક્યતા છે. તેથી શિક્ષણ સમિતિએ સમિતિની નબળી કામગીરી સામે વિરોધ કરી ગણવેશ ઝડપથી મળે તેવી માગણી કરી છે.

સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના બાળકોને બે ગણવેશ મળે તેવો નિર્ણય કર્યો હતો. ભાજપે એની જાહેરાત પણ ખુબ કરી, ભાષણ આપ્યા અને ક્રેડિટ લીધી. પણ ગણવેશ નથી મળ્યાનો વિપક્ષનો આક્ષેપ શાળા શરૂ થયાના દોઢ મહિના બાદ પણ એક પણ બાળકને બે જોડી યુનિફોર્મ મળેલ નથી, નવા પ્રવેશ પામેલા બાળકોને તો એક જોડી યુનિફોર્મ પણ મળ્યો નથી તેવો આક્ષેપ વિરોધ પક્ષે કર્યો છે.

સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં અભ્યાસ કરતાં ૧.૯૦ લાખ બાળકોને બે જોડ ગણવેશ આપવા માટેનો નિર્ણય સુરત પાલિકા-શિક્ષણ સમિતિ દ્વારા કરવામાં આવ્યો છે.

પરંતુ શાળા શરૂ થયાના દોઢ મહિના કરતાં વધુ સમય થયો હોવા છતાં એક જોડી જ ગણવેશ મળ્યો હોવાની ફરિયાદ સમિતિના વિપક્ષી સભ્ય રાકેશ હિરપરાએ કરી છે. વિપક્ષી સભ્ય હીરપરાએ કહ્યું હતું કે, સતત લડાઈ લડી છે કે બાળકોને બે જોડી યુનિફોર્મ મળવા જ જોઈએ તેવી માંગણી અમે કરી છે. ત્યારબાદ શાસકોએ બે જોડી ગણવેશ આપવાનો નિર્ણય કર્યો છે.

શિક્ષણ સમિતિએ ગયા બજેટમાં જાહેરાત કરી કે જૂન-૨૦૨૪ થી બાળકોને બે જોડી યુનિફોર્મ આપવામાં આવશે અને આ જાહેરાત બાદ ભાજપે એની જાહેરાત પણ ખુબ કરી, ભાષણ આપ્યા અને ક્રેડિટ લીધી હતી. પરંતુ શાળા શરૂ થયાના દોઢ મહિના બાદ પણ એક પણ બાળકને બે જોડી યુનિફોર્મ મળેલ નથી, નવા પ્રવેશ પામેલા બાળકોને તો એક જોડી યુનિફોર્મ પણ નથી મળ્યો.

બીજી જોડી યુનિફોર્મ માટેનો વર્ક ઓર્ડર જ સમિતિએ શાળા શરૂ થયાના એક મહિના બાદ એટલે કે ૧૦ જુલાઈના રોજ આપ્યો છે અને એજન્સીને ૪ મહિનાનો સમય આપ્યો છે. આનો અર્થ એવો થયો કે બાળકોને બીજી જોડી યુનિફોર્મ મળતાં સુધીમાં તો દિવાળી આવી જાય તેવી શક્યતા છે. વિપક્ષે વિદ્યાર્થીઓને ઝડપી ગણવેશ મળે તેવી માંગણી કરી છે.

# ફેમિલી મેનઃ વરસાદમાં છત્રી પકડી ઊભા રહ્યા

અમિતાભ બચ્ચન ફેમિલી મેન તરીકે ઓળખાય છે. પોતાની આ ઈમેજને વધારે પ્રબળ બનાવતો ફોટોગ્રાફ બિગ બીએ સોશિયલ મીડિયા પર શેર કર્યો છે. જયા બચ્ચન માટે તેઓ વરસતા વરસાદમાં છત્રી લઈનેઊભા રહેલા દેખાય છે. આ ફોટોગ્રાફ રીયલ લાઈફનો હોય તેવું લાગતું નથી. તેના પરથી એવી અટકળો લગાવાઈ રહી છે બિગ બી અને જયા બચ્ચન એક સાથે કોઈ ફિલ્મમાં કામ કરી રહ્યાં છે. બિગ બીએ શેર કરેલી તસવીરમાં તેઓ જયા બચ્ચન માટે છત્રી ખોલીને ઉભા છે અને તેઓ સેટ પરથી શૂટ પૂરું કરીને નીકળ્યાં છે. આ ઉપરાંત તેમણે મુંબઈના વરસાદમાં પરેશાનીનો સામનો કરી રહેલાં લોકો માટે ચિંતા વ્યક્ત કરીને તેમના માટે શુભેચ્છાઓ પણ વ્યક્ત કરી છે. બિગ બીએ તેમની અને જયાની એક રોમેન્ટિક તસવીર શેર કરી હતી. જેમાં તેમણે લખ્યું, ''૫૦૭૪ – આખો દિવસ વરસાદ વરસ્યો છે..કામના સેટ પર પણ..કલાકારો પાણીમાંથી પસાર થાય છે, ત્યારે તેમના પર છત્રીઓ સજેલી દેખાય છે.

# કેબીસી ગ્લોબલ લિમિટેડે મુથુસુબ્રમણ્યન હરિહરનને કંપનીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને સીઈઓ તરીકે નિયુક્ત કર્યા

(KBC GLOBAL LTD)

અમદાવાદ, કન્સ્ટ્રક્શન અને રિઅલ એસ્ટેટ ડેવલપમેન્ટ સેક્ટરમાં અગ્રણી કંપની કેબીસી ગ્લોબલ લિમિટેડે (અગાઉ કાર્દા કન્સ્ટ્રક્શન લિમિટેડ તરીકે જાણીતી હતી) (BSE - 541161) કંપનીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને સીઈઓ તરીકે શ્રી મુથુસુબ્રમણ્યન હરિહરનની નિયુક્તિને મંજૂરી આપી છે જે ૦૯ જુલાઈ, ૨૦૨૪થી અમલી રહેશે. કંપનીની ૦૮ જુલાઈ, ૨૦૨૪ના રોજ યોજાયેલી તેની બેઠકમાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સે આ નિયુક્તિની પુષ્ટિ કરી હતી. તેઓ આગામી સામાન્ય બેઠકની તારીખ સુધી હોદ્દા પર રહેશે. શ્રી મુથુસુબ્રમણ્યમ હરિહરન કંપની દ્વારા નિર્ધારિત વૈશ્વિક વ્યાપાર વિકાસનું નેતૃત્વ કરવા અને કંપનીની વ્યૂહાત્મક યોજનાના અમલીકરણ અને સંસ્થાના વિઝન, મિશન અને વ્યૂહાત્મક ઉદ્દેશ્યોના વિકાસ અને કમ્યૂનિકેશનની કામગીરી કરશે.

વ્યાપાર વિસ્તરણ માટે નવી તકો શોધવાના હેતુ સાથે, કંપનીએ મુંબઈમાં મૈત્રાય બિઝનેસ પાર્ક, કોસ્મોસ બેંકની સામે, હનુમાન રોડ, વિલે પાર્લે ખાતે કોર્પોરેટ ઓફિસ ખોલી છે. ૨૦૦૭માં સ્થપાયેલી કંપનીએ રિયલ એસ્ટેટ ઉદ્યોગમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે, જે ભારતમાં નાસિકમાં રેસિડેન્શિયલ અને રેસિડેન્શિયલ-કમ-ઓફિસ પ્રોજેક્ટ્સ બનાવવા અને તેના વેચાણમાં વિશેષતા ધરાવે છે. કંપની મુખ્યત્વે બે વિભાગોમાં કાર્ય કરે છે: રેસિડેન્શિયલ અને કોમર્શિયલ પ્રોજેક્ટ્સનું બાંધકામ અને વિકાસ તથા કરાર આધારિત પ્રોજેક્ટ. કંપનીના નોંધપાત્ર પ્રોજેક્ટ્સમાં હરિ ગોકુલધામ, હરિ નક્ષત્ર-૨, ઈસ્ટએક્સ્ટ ટાઉનશિપ, હરિ સંસ્કૃતિ, હરિ સિદ્ધિ, અને હરિ સમર્થ વગેરેનો સમાવેશ થાય છે. કંપનીએ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારોમાં વિસ્તરણ માટે વ્યૂહાત્મક યોજનાઓ પણ જાહેર કરી છે. એપ્રિલ ૨૦૨૪ના મહિનામાં, બોર્ડ ઓફ ડિરેક્ટર્સે એફસીસીબીના ઈશ્યૂના નિયમો અને શરતો અનુસાર કુલ ૬૦ બોન્ડને ઈક્વિટી શેરમાં રૂપાંતરિત કરવાની મંજૂરી આપી હતી.

# ભારતીય સેનામાં જોડાવાની શાનદાર તક, ૨ લાખથી વધુ પગાર મળશે

નવીદિલ્હી, ભારતીય સેનાએ શોર્ટ સર્વિસ કમિશન (જીજીઝ) ટેકનિકલ કોર્સની ભરતી માટે અરજીઓ આમંત્રિત કરી છે. આર્મી ભરતીની સત્તાવાર વેબસાઈટ joinindianarmy.nic.in પર ૧૬ જુલાઈથી અરજીઓ શરૂ થઈ ગઈ છે. અરજી કરવાની છેલ્લી તારીખ ૧૪ ઓગસ્ટ ૨૦૨૪ છે. ભારતીય સેનામાં જજ એડવોકેટ જનરલશાખા હેઠળ પણ ભરતી છે. આ માટે joinindianarmy.nic.in પર જઈને અરજી કરવાની છેલ્લી તારીખ ૧૩ ઓગસ્ટ ૨૦૨૪ છે.

વેકેન્સી વિષે જણાવીએ, ભારતીય આર્મી એસએસસી ટેકનિકલ ગ્રેજ્યુએટ એન્ટ્રી હેઠળ કુલ ૩૭૯ ખાલી જગ્યાઓ ભરવામાં આવશે. મહિલાઓ માટે ૨૯ અને પુરૂષોની ૩૫૦ જગ્યાઓ ખાલી છે. શૈક્ષણિક લાયકાત વિષે જણાવીએ, એન્જિનિયરિંગની ડિગ્રી. જેઓ અંતિમ વર્ષમાં છે તેઓ પણ અરજી કરી શકે છે પરંતુ તાલીમ શરૂ થયાના ૧૨ અઠવાડિયાની અંદર ડિગ્રી સબમિટ કરવી આવશ્યક છે. વય મર્યાદા વિષે જણાવીએ, ૨૦ વર્ષથી ૨૭ વર્ષ. ઉમેદવારનો જન્મ ૨ એપ્રિલ ૧૯૯૮ થી ૧ એપ્રિલ ૨૦૦૫ ની વચ્ચે થયો હોવો જોઈએ. ઉંમર ૧લી એપ્રિલ ૨૦૨૫ થી ગણવામાં આવશે. પસંદગી પ્રક્રિયા વિષે જણાવીએ, એન્જિનિયરિંગ ડિગ્રીમાં મેળવેલા ગુણના આધારે ઉમેદવારોને SSB ઈન્ટરવ્યૂ માટે શોર્ટલિસ્ટ કરવામાં આવશે. SSB ઈન્ટરવ્યુ પાંચ દિવસનો રહેશે. લાયકાત વિષે જણાવીએ, ઓછામાં ઓછા ૫૫% ગુણ સાથે LLB. બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયામાં એડવોકેટ તરીકે નોંધણી કરાવવા માટે લાયક હોવો જોઈએ. વય મર્યાદા વિષે જણાવીએ, ન્યૂનતમ ૨૧ વર્ષ અને મહત્તમ ૨૭ વર્ષ. પસંદગી પ્રક્રિયા વિષે જણાવીએ, અરજી ફોર્મમાં દાખલ કરેલ મેરિટ અને ગુણના આધારે ઉમેદવારોને શોર્ટલિસ્ટ કરવામાં આવશે.ત્યારબાદ પસંદગી પામેલા ઉમેદવારોને પસંદગી કેન્દ્ર ખાતે મનોવૈજ્ઞાનિક કસોટી, જૂથ કસોટી અને ઈન્ટરવ્યુ માટે બોલાવવામાં આવશે.તાલીમ – પસંદગી પામેલા ઉમેદવારો ચેન્નાઈ સ્થિત ઓફિસર્સ ટ્રેનિંગ એકેડમી ખાતે તાલીમ લેશે. તે ૪૯ અઠવાડિયા સુધી ચાલશે. કેટલો પગાર મળશે? વિષે જણાવીએ, પગાર પોસ્ટ મુજબ છે અને બદલાય છે. ઉદાહરણ તરીકે, લેફ્ટનન્ટની પોસ્ટ માટે, પગાર ૫૬ હજાર રૂપિયાથી ૧ લાખ ૭૭ હજાર રૂપિયા પ્રતિ મહિને હશે. કેપ્ટન પદ માટે પગાર ૬૧ હજારથી ૧ લાખ ૯૩ હજાર રૂપિયાની વચ્ચે હશે. તેવી જ રીતે, અન્ય પોસ્ટનો પગાર ૧.૫ લાખ રૂપિયાથી લઈને ૨.૨૫ લાખ રૂપિયા પ્રતિ માસ છે. કેટલીક પોસ્ટનો પગાર ફિક્સ છે અને તે દર મહિને ૨.૫ લાખ રૂપિયા છે.


**પશ્ચિમ રેલવે-ભાવનગર ડિવિઝન**

**ટીઆરડી કામો**

**ઇ-ટેન્ડર આમંત્રણ નોટિસ; નં.: DRM/TRD/BVP/2024-25/01 Dt. 17/07/2024;** ભારતના રાષ્ટ્રપતિ વતી ડિવિઝનલ રેલવે મેનેજર (ટીઆરડી) પશ્ચિમ રેલવે, ભાવનગર પરા નીચેના કામ માટે ઇ-ટેન્ડર આમંત્રિત કરે છે: **ટેન્ડર નં.: 05-TRDBVP-2024-25; કામનું નામ:** હાલની લાઇનોના સોમનાથ યાર્ડના વીજળીકરણના સંબંધમાં ટીઆરડી કામો. **ટેન્ડરની રકમ:** ₹ 2,24,49,187.92/-; **ટેન્ડર ફી:** NIL; **EMD રકમ:** ₹ 2,62,200/-; **સરનામું:** DRM (ટ્રેક્શન) BVP, ડીઆરએમ ઓફિસ, ભાવનગર પરા – 364003; **બિડરોએ ઓનલાઈન લિંક www.ireps.gov.in દ્વારા જ અરજી કરવાની રહેશે. વધુ વિગતો માટે કૃપા કરીને વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. ઉપરોક્ત ટેન્ડરો માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ 20.08.2024 ના 15:00 કલાક સુધી રહેશે.** 58

અમને લાઇક કરો: facebook.com/WesternRly



**પશ્ચિમ રેલવે-ભાવનગર ડિવિઝન**

**ઈન્ટરલોકિંગ અને સમારકામ**

**નં. W/118/NIT/E-Tender/2024-25/WA/14 તારીખ: 17/07/2024;** ડિવિઝનલ રેલવે મેનેજર (વર્કસ) પશ્ચિમ રેલવે, ભાવનગર પરા નીચે જણાવેલ કામો માટે ઈ-ટેન્ડર આવકારે છે. ટેન્ડરની વિગતો નીચે મુજબ છે: **અનુ. નં. (1) ઈ-ટેન્ડર નં. 79/2024-25; કામનું નામ:** ભાવનગર ડિવિઝન: સિગ્નલિંગ ગિયર્સની આપૂર્તિ, ઈન્સ્ટોલેશન, પરીક્ષણ કમીશનીંગ ના સંબંધમાં (i) ધસા-રાજુલા: એલસી ગેટ નં. 41 નું ઈન્ટરલોકિંગ. (ii) ધસા-રાજુલા: એલસી ગેટ નં. 56 નું ઇન્ટરલોકિંગ; **ટેન્ડર મૂલ્ય:** ₹ 9319728.44; **ઈએમડી:** ₹ 186400.00; **અનુ. નં. (2) ઈ-ટેન્ડર નં. 80/2024-25; કામનું નામ:** એલએચએસ નં 44/B (જૂનું એલસી નં. 35): આઈઆઈટી ગાંધીનગર દ્વારા ભલામણ મુજબ પાણીના ઝમણ ને અટકાવવા માટે અને સલામત ટ્રાફિક ચળવળ માટે એલએચએસ નું સમારકામ; **ટેન્ડર મૂલ્ય:** ₹ 862260.28; **ઈએમડી:** ₹ 17300.00; **ઉપરોક્ત બંને ટેન્ડર માટે: બિડીંગ પ્રારંભની તારીખ:** તા. 25/07/2024; **બિડીંગ બંધ થવાની તારીખ:** તા. 08/08/2024; **એનઆઈટી રેલવે વેબસાઈટ: www.ireps.gov.in** પર તા. 17/07/2024 ના રોજ અપલોડ કરેલ છે. 59

અમને લાઇક કરો: facebook.com/WesternRly



**સાંકેતિક કબ્જા નોટીસ**

**ICICI Bank** | બ્રાન્ચ ઓફિસઃ આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ.,ઓફિસનં ૨૦૧-બી, બીજે માળ રોડનં ૧, પ્લોટ નં- બી ૩ વાઈફાઈ આઈટી પાર્ક, વાગલે ઈન્ડસ્ટીયલ એસ્ટેટ,થાણે, મહારાષ્ટ્ર-૪૦૦૬૦૪

સિક્યુરાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સ એસેટ એન્ડ ઈનફોર્મ્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ ઈન્ફોર્સમેન્ટ ૨૦૦૨ની કલમ ૧૩ (૧૨) તેની સાથે અનુચ્છેદ ૩ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ (દીવાન હાઉસિંગ ફાયનાન્સ લી. દ્વારા આઈસીઆઈસીઆઈના નિમાયેલા નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ ) સિક્યોરિટી ઓફ એન્ફોર્સમેન્ટ ના સંબંધમાં ડીએચએફએલ અને કરજદારો વચ્ચે લોન બાબતે થયેલા કરારના આધારે હાઉસિંગ લોન ની સગવડ મેળવી છે, તેઓ જે લોન મેળવી છે તેની મૂળ રકમ અને વ્યાજની ચુકવણીમાં તેઓ નિષ્ફળ ગયા છે , તેથી આ નોટીસ આપ્યાથી ૬૦ દિવસની અંદર અહીં દર્શાવેલા નાણા ભરી જવા જણાવવામાં આવે છે. કરજદારો નાણા ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. આથી કરજદારો અને સામાન્ય જનતાની જાણ માટે નીચે જણાવેલા અધિકારીએ અહી જણાવેલી મિલ્કતનો સાંકેતિક કબ્જો લઈ લીધો છે જે કલમ ૧૩ (૪) અનુચ્છેદ ૮ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ કાર્યવાહી કરી છે. કરજદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ પાસે આ મિલ્કત ટાંચમાં હોય કરજદારો અને સામાન્ય જનતાએ કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં.

| ક્રમ નં. | કરજદારો/સહકરજદાર(રો)નું નામ/ (ડીએચએફએલ જુનો લેન અને આઈસીઆઈસીઆઈ નવો લેન) | મિલ્કતની વિગત / કબ્જાની તારીખ | ડિમાંડ નોટીસની તારીખ/ ડિમાંડ નોટીસની રકમ (રૂ) | શાખાનું નામ |
|---|---|---|---|---|
| ૧. | મલ્લિક ભરત શાહ અને બ્રિંદા મલ્લિક શાહ અને ભરતભાઈ છોટાલાલ શાહ- (જુનો ડિએચએફએલ લેન નં. - ૦૩૧૦૦૦૧૨૬૭૯ અને નવો આઈસીઆઈસીઆઈ લેન નં. - QZABD00005024528) | સબ પ્લોટ નં. સી-૧૭, આગમ ૯૯૯, પાટડી શંખેશ્વર રોડ, રિસર્વે સર્વે નં. ૬૯૭ (જુનો એકીકૃત સર્વે નં.૫૧૨) અને (જુનો સર્વે નં. ૫૧૨ પૈકી ૧, ૫૧૨ પૈકી ૨, ૫૧૩ પૈકી ૧, ૫૧૪, ૫૧૫,૫૧૬, ૫૧૭, ૫૧૮, ૫૧૯, ૫૨૦, ૫૨૧ પૈકી ૧ પૈકી ૨, ૫૩૦, ૫૩૩, ૫૩૪,૫૩૫,૫૩૯, ૫૪૦, ૫૪૧, ૫૪૨, ૫૪૩, ૫૪૪,૫૪૫,૫૪૬, ૫૫૧, ૫૫૩ પૈકી ૧)સાવડા, દસાડા, સુરેન્દ્રનગર-૩૮૨૭૬૫/૨૦ જુલાઈ, ૨૦૨૪. | ૦૫ જાન્યુઆરી, ૨૦૨૪ રૂા. ૨૫,૫૮,૯૩૯/- | અમદાવાદ |

ઉપર જણાવેલા કરજદાર(રો)/ જામીનદાર(રો) અહી બાકી નાણાં પરત કરી જવા માટે ૩૦ દિવસની નોટીસ આપવામાં આવે છે. નહીં તો કલમ ૮ અને ૯ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (ઈન્ફોર્સમેન્ટ) રૂલ, ૨૦૦૨ની જોગવાઈ મુજબ જામીન તરીકે મુકેલી મિલ્કત આ નોટીસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ દિવસ બાદ વેચી દેવામાં આવશે.

તારીખ : ૨૪ જુલાઈ, ૨૦૨૪
સ્થળ : સુરેન્દ્રનગર અને અમદાવાદ

અધિકૃત અધિકારી
આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ



**JM FINANCIAL**

જેએમ ફાઈનાન્સિયલ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ

કોર્પોરેટ ઓળખ નંબર (CIN) : U67190MH2007PLC74287

રજી.ઓફિસ : સાતમો માળ, સિનર્જી, અપ્પાસાહેબ મરાઠે માર્ગ, પ્રભાદેવી, મુંબઈ-૪૦૦૦૨૫

સંપર્ક વ્યક્તિ : ૧. જવલ બેલાની -૯૮૨૫૨૬૩૬૬૫ ૨. વિશાલ કેટેલે -૯૫૮૪૯૬૬૬૫૩ ૩. જ્યોતિ સાવંત -૦૨૨ -૬૨૨૪૧૬૭૬

**ઈ-નિલામી વેચાણ નોટિસ - અનુગામી વેચાણ**

પીરામલ કેપીટલ અને હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડે જેએમએફએઆરસી(જેએમ) (અહીં સોંપણી તરીકે ઓળખવામાં આવે છે)કે જે જેએમએફએઆરસી-અરન્ય-ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કાર્ય કરે છે, તેમની તરફેણમાં તા. માર્ચ ૨૯, ૨૦૨૩ (સોંપણી કરાર)ના રોજનો સોંપણી કરાર સાથે સિક્યુરીટાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સ એસેટ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (એસએઆરએફએઈએસઆઈ અધિનિયમ)ની કલમ ૫(૧) હેઠળ તેના તમામ અધિકારો, નામો, હકો અને હિતો સહિત તથા તેના માટે બનાવેલ સુરક્ષા વ્યાજ સાથેનો લોનનો પૂલ (નીચે દર્શાવેલ લોનો સહિત) સોંપેલ છે. આથી સૂચિત કરવામાં આવે છે કે પીસીએચએફએલ ને અસાઈનમેન્ટ/સેવા કરાર સાથેની તમામ ઓપરેશનલ પ્રક્રિયાઓને સરળ બનાવવા માટે સેવા પ્રદાન કરનાર કલેક્શન/એજન્ટ તરીકે કાર્ય કરવા માટે અધિકૃત અને નિયુક્ત કરવામાં આવેલ છે. એસએઆરએફએઈએસઆઈ અધિનિયમ, ૨૦૦૨ હેઠળ સુરક્ષિત લેણદારના અધિકૃત અધિકારી દ્વારા અહીં ઉલ્લેખિત સુરક્ષિત મિલકતોનો કબ્જો લેવાના અનુસંધાનમાં, ઉધાર લેનારા(ઓ) પાસેથી બાકીની રકમની વસુલાત માટે નીચે વર્ણવ્યા મુજબ, સ્થાવર મિલકતની ખરીદી માટે નીચે સહીં કરનાર દ્વારા ઓફર આમંત્રિત કરવામાં આવે છે, જે ભૌતિક કબ્જામાં મિલકત છે તે જે છે, જેમ છે, જ્યાં છે, જેના આધારે છે તેની વિગતો નીચે આપવામાં આવેલ છે.

| લોન કોડ/શાખા/ દેવાદાર(રો)/ સહદેવાદાર(રો)/ જામીનદાર(રો) | ડિમાન્ડ નોટીસ તારીખ અને રકમ | મિલકતનું સરનામું..આખરી | અનામત કિંમત | બાનાની થાપણ કિંમત (ઈએમડી) (૧૦%આરપીના) | બાકી લેણાં રકમ (૧૮-૦૭-૨૦૨૪) |
|---|---|---|---|---|---|
| **લોન કોડ નં.૦૬૪૦૦૦૦૯૦૬૯/ રાજકોટ શાખા**, દિનેશ મુલચંદભાઈ મોદી (દેવાદાર) મુલચંદભાઈ દામજીભાઈ મોદી (સહ દેવાદાર-૧) | તા.૨૨-૦૯-૨૦૨૧ રૂા.૪૭,૨૫,૦૧૦/- (સુડતાલીસ લાખ પચ્ચીસ હજાર અને દસ રૂપિયા પુરા) | શ્રીઆશુતોષ ફ્લેટસની હદ ધરાવતી મિલકતના તમામ ભાગોઅનેપાર્સલો, ફ્લેટનં.૧૦૧, એનએપહેલોમાળ, કરનપારા મુખ્ય રોડ, સ્ટ્રીટનં.૪, સી.એસ.નં.૫૧૯થી ૫૨૧, રાજકોટગુજરાત-૩૬૦૦૦૨ | રૂા.૨૫,૧૧,૦૦૦/-(રૂપિયા પચ્ચીસ લાખ અગિયાર હજાર પુરા) | રૂા.૨,૫૧,૧૦૦/- (રૂપિયા બે લાખ એકાવન હજાર એકસો પુરા) | રૂા.૭૧,૦૮,૭૧૪/-(રૂપિયા ઈકોતેર લાખ આઠ હજાર સાતસોને ચૌદ પુરા) |
| **લોન કોડ નં.૦૬૪૦૦૦૦૮૨૯૭/ રાજકોટ શાખા**, સરમનભાઈ કાનાભાઈ વાળા (દેવાદાર) અસ્મિતાબેન સરમન વાળા (સહ દેવાદાર-૧) | તા.૧૬-૦૬-૨૦૨૦ રૂા.૩૧,૪૮,૬૪૮/- (એકત્રીસ લાખ અડતાલીસ હજાર છસ્સોને અડતાલીસ રૂપિયા પુરા) | ફ્લેટનં.એ-૩૦૧નીહદધરાવતીમિલકતનાતમામભાગો અનેપાર્સલો, ત્રીજોમાળ, એ-વિંગ, વંદનએનએ-એ, સાધુવાસવાની રોડ, રાજનગરચોક-એપાસે, ગિનાનંજલી ભવન પાછળ, રાજકોટ, ગુજરાત-૩૬૦૦૦૧. સિમાબદ્ધ :ઉત્તરમાંમાર્જિન પછી ૭.૫૦મી.રોડ, દક્ષિણમાંકોમન પેસેજઅનેદાદરા, પૂર્વમાંફ્લેટનં.એ-૩૦૨, પશ્ચિમમાં ફ્લેટનં.બી-૩૦૨ બી-વિંગનો | રૂા.૨૭,૦૦,૦૦૦/-(રૂપિયા સત્યાવીસ લાખ પુરા) | રૂા.૨,૭૦,૦૦૦/- (રૂપિયા બે લાખ સીત્તેર હજાર પુરા) | રૂા.૫૧,૪૩,૦૮૪/-(રૂપિયા એકાવન લાખ તેંતાલીસ હજાર ચોરયાસી પુરા) |
| **લોન કોડ નં.૦૪૧૦૦૦૧૦૨૫૫/સુરત શાખા**, વનિતાબેન નિલેશભાઈ ચંદારાણા (દેવાદાર)નિલેશ નારણદાસ ચંદારાણા (સહ દેવાદાર-૧) | તા.૨૧-૧૦-૨૦૨૧ રૂા.૧૩,૭૧,૧૭૫/- (તેર લાખ ઈકોતેર હજાર એકસોને પંચોતેર રૂપિયા પુરા) | ફ્લેટનં.૨૦૨નીહદધરાવતીમિલકતનાતમામભાગો અનેપાર્સલો, ક્રિષ્નાપેલેસ, શક્તિલેકસિટીસામે, કામરેજ-ક્નાલરોડ, નનસદ, સુરત, ગુજરાત-૩૯૪૧૮૦. સિમાબદ્ધ :ઉત્તરમાં ફ્લેટ નં.૨૦૧, દક્ષિણમાં સોસાયટીની સિમારેખાઓ, પૂર્વમાંરોડ, પશ્ચિમમાંએન્ટ્રી અનેપેસેજ | રૂા.૯,૯૦,૦૦૦/-(રૂપિયા નવ લાખ નેવું હજાર પુરા) | રૂા.૯૯,૦૦૦/-(રૂપિયા નવ્વાણું હજાર પુરા) | રૂા.૧૯,૫૯,૭૭૮/-(રૂપિયા ઓગણિસ લાખ ઓગણસાઠિ હજાર સાતસોને અઠયોતેર પુરા) |
| **લોન કોડ નં.૨૦૧૦૦૦૪૨૯૪૨/ અમદાવાદ-અભિજીત-૪ શાખા**, પ્રતિક વસંતભાઈ કેલકર (દેવાદાર)ઉષા સખારામ પવાર (સહ દેવાદાર-૧) | તા.૨૩-૦૮-૨૦૨૧ રૂા.૧૪,૩૭,૯૯૭/- (ચૌદ લાખ સાડત્રીસ હજાર નવસોને સત્તાણું રૂપિયા પુરા) | ફ્લેટનં.સી/૬૦૬નીહદધરાવતીમિલકતનાતમામભાગો અનેપાર્સલો, આનંદ એપાર્ટમેન્ટ, ૨૦૦ફીટ એસપીરીંગ રોડ, લાલગેબીસર્કલ, હાથીજણ, અમદાવાદ ગુજરાત-૩૮૨૪૪૫. સિમાબદ્ધ:ઉત્તરમાંઓટીએસ, દક્ષિણમાં ઓટીએસ, પૂર્વમાંએડીજેફ્લેટ, પશ્ચિમમાંપેસેજ૧ | રૂા.૧૪,૨૧,૫૫૦/-(રૂપિયા ચૌદ લાખ એકવીસ હજાર પાંચસોને પચાસ પુરા) | રૂા.૧,૪૨,૧૫૫/- (રૂપિયા એક લાખ બેતાલીસ હજાર એકસોને પંચાવન પુરા) | રૂા.૨૨,૧૯,૦૯૭/-(રૂપિયા બાવીસ લાખ ઓગણિસ હજાર સત્તાણું પુરા) |
| **લોન કોડ નં.૩૦૭૦૦૦૦૦૦૦૪૪/ભરૂચ શાખા**, દીપક વિનોદ શર્મા (દેવાદાર) કુમકુમ દેવી (સહ દેવાદાર-૧) | તા.૨૯-૦૬-૨૦૨૧ રૂા.૧૫,૦૮,૩૯૬/- (પંદર લાખ આઠ હજાર ત્રણસોને છન્નું રૂપિયા પુરા) | ફ્લેટનં.બી૦૦૫નીહદધરાવતીમિલકતનાતમામભાગો અનેપાર્સલો, ઉમંગ લક્ષ્મી રેસિડેન્સી, મોજે-કોસમડી, અંકલેશ્વર, ગુજરાત-૩૯૩૦૦૧. સિમાબદ્ધ:ઉત્તરમાંઘર નં.૦૪, દક્ષિણમાંઘરનં.૦૬, પૂર્વમાંઆંતરિકરોડઅને ઘરનં.૩૦, પશ્ચિમમાંસીઓપી | રૂા.૧૦,૨૫,૦૦૦/-(રૂપિયા દસ લાખ પચ્ચીસ હજાર પુરા) | રૂા.૧,૦૨,૫૦૦/- (રૂપિયા એક લાખ બે હજાર પાંચસો પુરા) | રૂા.૨૩,૯૭,૫૨૩/-(રૂપિયા ત્રેવીસ લાખ સત્તાણું હજાર પાંચસોને ત્રેવીસ પુરા) |
| **લોન કોડ નં.૨૭૭૦૦૦૦૦૪૨૮/ ગાંધિધામ શાખા**, રામાનુજ વિશ્વકર્મા (દેવાદાર) કલાવતી રામાનુજ વિશ્વકર્મા (સહ દેવાદાર-૧) | તા.૨૬-૧૧-૨૦૧૮ રૂા.૧૦,૦૯,૮૮૦/- (દસ લાખ નવ હજાર આઠસોને એંસી રૂપિયા પુરા) | એસપીનં.સીનીહદધરાવતીમિલકતનાતમામભાગોઅને પાર્સલો, પ્લોટનં.૯૫,૯૬, આરએસનં.૧૯૩/૧,૧૯૩/૩, આશાપુરાનગર, મોજે-નાનાકપાયા, તા.મુંદ્રા, જી.કચ્છ, ગુજરાત-૩૭૦૪૨૧. સિમાબદ્ધ:ઉત્તરમાંએસપીનં.ડી પ્લોટનં.૯૫-૯૬, દક્ષિણમાંએસપીનં.બી પ્લોટનં.૯૫-૯૬, પૂર્વમાં૬.૧મી.પહોળોરોડ, પશ્ચિમમાંપ્લોટનં.૯૪ | રૂા.૪,૯૬,૮૦૦/-(રૂપિયા ચાર લાખ છન્નું હજાર આઠસો પુરા) | રૂા.૪૯,૬૮૦/-(રૂપિયા ઓગણપચાસ હજાર છસ્સોને એંસી પુરા) | રૂા.૧૯,૦૯,૭૮૦/-(રૂપિયા ઓગણિસ લાખ નવ હજાર સાતસોને એંસી પુરા) |

ઈ-નિલામી તારીખ: ૧૩-૦૮-૨૦૨૪, સવારે ૧૧-૦૦થી બપોરે ૨-૦૦ કલાક સુધી (દર ૫ મિનિટના અસિમિત વિસ્તરણ સાથે). બીડ સબમિટ કરવાની આખરી તારીખ: ૧૨-૦૮-૨૦૨૪, સાંજે ૪-૦૦ વગ્યાં પહેલાં

વિગતવાર વેચાણને લગતાં નિયમો અને શરતો જાણવા માટે પ્રાદન કરવામાં આવેલી https://www.jmfinancialarc.com/Home/Assetsforsale OR https://www.bankauctions.in. લિન્કનો સંદર્ભ લેશો.

દેવાદારો/જામીનદારો/ગિરવેદારોને એસએઆરએફએઈએસઆઈ અધિનિયમ હેઠળ વૈધાનિક ૧૫ દિવસની વેચાણ નોટિસ

ઉપર જણાવેલાં દેવાદારો/જામીનદારોને આથી સૂચિત કરવામાં આવે છે કે કલમ ૧૩(૨)નોટિસમાં જણાવેલ રકમ હરાજીની તારીખની પહેલાંની તારીખ સુધીના સંપૂર્ણ વ્યાજ સાથેની રકમ ચુકતે કરી જવા જણાવવામાં આવે છે, જો નિષ્ફળ જશો તો મિલકતની નિલામી કરી કે વેચાણ કરીને બાકી લેણાં રકમ વ્યાજ અને ખર્ચ સહિત દેવાદારો/જામીનદારો પાસેથી વસુલ કરવામાં આવશે.

તારીખ : ૨૪-૦૭-૨૦૨૪ સ્થળ : ગુજરાત

સહીં
(અધિકૃત અધિકારી) (અરન્ય-ટ્રસ્ટ)